ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 2nd June,2020

પ્રતિ,
તંત્રી શ્રી,
..............................................................................., ભાવનગર.

World Environment Day ની ઉજવણીના ભાગ હેતુ ઇકો બાયોલોજી કલબ ઓફ ભાવનગર (EBCB-KRCSC) દ્વારા
**#InitiativeByME ('શરૂઆત મારાથી') Tree Plantation & Slogan Making Challenge**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર(GUJCOST) દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોકભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

જુન માસ એટલે પ્રકૃતિને ખીલવાનો સમય. હાલ મોટા ભાગની વૈશ્વિક સમસ્યાઓનું પ્રાથમિક અને અગત્યનું સમાધાન એટલે પર્યાવરણ. દરેક મોટી સમસ્યાઓ અટકાવવા દર વર્ષે વિશ્વમાં સમસ્યાઓ આધારિત થીમ પર વિવિધ દિવસોની ઉજવણી થાય છે. આ ઉજવણીનો મુખ્ય હેતુ સમસ્યાઓના સમાધાન તરફ જવાનો છે. પરંતુ દરેક મનુષ્ય પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણીને પોતાની આગવી ફરજ સમજી, જે છે તેનું જતન કરી, પર્યાવરણનું સંવર્ધન કરી આવનારી પેઢીઓ માટે ખીલવાની એક ઉજ્જવળ તક આપી શકે તેમ છે. પ્રકૃતિ અને પર્યાવરણ તરફ પોતાનો હાથ લંબાવી ભવિષ્ય સુધારી શકે તેમ છે. પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન હેતુ વિશ્વ આખું ૫ મી જૂનને World Environment Day તરીકે ઉજવે છે. આ વર્ષની થીમ 'Time for Nature' પર ઉજવણી કરવામાં આવી રહી છે.

જેના ભાગ રૂપે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સંચાલિત ઇકો બાયોલોજી કલબ ઓફ ભાવનગર દ્વારા ૫ જૂન થી ૧૫ જૂન સુધી એક અનોખી શરૂઆત દ્વારા પર્યાવરણ જાગૃતિ અને પર્યાવરણને ઉન્નત બનાવવા માટે #InitiativeByME ('શરૂઆત મારાથી') Tree Plantation & Slogan Making Challenge કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરેક વ્યક્તિએ પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધનને પોતાની નૈતિક ફરજ સમજી પોતાના ઘરની આસપાસ વૃક્ષારોપણ કરતા હોય તેવો અને ઘરની બહારની દીવાલ પર (લોકો જોઇને પ્રોત્સાહિત થઈ શકે તેમ) સ્લોગન લખવું / દોરીને ચોટાડવાનું રહેશે. આ સમગ્ર કાર્યનો ૩ મિનિટનો શોર્ટ વિડીઓ અમારી સાથે વોટ્સએપ પર (9979707221) શેર કરવાનો રહેશે, આ વીડીયોમાં "Initiative by Me" (શરૂઆત મારાથી) કાર્યક્રમના તારીખ, આપનું નામ, શહેરનો ઉલ્લેખ થવો જરૂરી છે. ઉપરાંત આ વિડીયો krcscbhavnagar ના Facebook Page, Instagram, Twitter સાથે **#InitiativeByME** Hashtag નો ઉપયોગ કરી ટેગ કરવાનો રહેશે. આ કોઈ સ્પર્ધા નથી જે ખાસ ધ્યાને લેવા વિનંતી.

2-6-2020
1pm

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

D:/2020-21/All Letter and Press Note 2020-21 /Press of KRCSC FL 2020-21